# GK Samixa 1 થી 31 march 2017,સામાન્યજ્ઞાન

## સમીક્ષા 213 (1) તારીખ 1/3/2017

**સ્વાતિ પાથેરપલ્લી ભારતીય નૌસેનાના વિશ્વ અભિયાન માટે પસંદગી પામ્યા...**

૧) 27 ફેબ્રુઆરી 2017 ના રોજ સ્વાતિ પાથેરપલ્લીને છ મહિલા અધિકારીઓમાં પસંદ કરવામાં આવ્યા છે કે જેઓ ઓગસ્ટ 2017 માં ભારતીય નૌસેનાની તરફથી વિશ્વ સફર પર નીકળવાના છે.

૨) ભારતીય નૌસેનાનું આ અભિયાન હાલમાં નૌસેનામાં તરતા મુકવામાં આવેલ તારિણી નૌકા દ્વારા આરંભવામાં આવશે.

૩) અન્ય છ મહિલાઓમાં સ્વાતિ પાથેરપલ્લીનું નામ એ માટે મોખરે છે કે તેણી વિકટ પરિસ્થિતિમાં પણ  તેઓ નૌસેના અધિકારીની પોસ્ટ સુધી પહોંચ્યા છે.

૪) સ્વાતિ પાથેરપલ્લી 15 ઓગસ્ટ 2017 ના રોજ વિશ્વ ભ્રમણ માટે નીકળશે.

૫) આ વિશ્વ ભ્રમણ અભિયાન 11 માસ સુધી ચાલશે, તે અંતર્ગત તેને દરરોજ સમુદ્રમાં જ રહેવાનું થશે.

૬) તેઓનો સમુદ્ર રૂટ ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, દક્ષિણ અમેરિકા, અને દક્ષિણ આફ્રિકા થઈને ભારતના ગોવાના સમુદ્ર કિનારે પહોંચશે.

૭) સ્વાતિ પાથેરપલ્લી 12 વર્ષની વયથી જ એન.સી.સી માં જોડાઈને નૌસેના(નૌકાયાન) સાથે સંકળાયેલા રહ્યા છે.

## સમીક્ષા 214 (1)તારીખ 2/3/17

**હાસ્ય લેખક તારક મહેતાનું અવસાન થયું...**

૧) 1 માર્ચ 2017 ના રોજ  'તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં'ના લેખક તારક મહેતાનું 87 વર્ષની વયે અવસાન થયેલ છે.

૨) તેઓ લાંબા સમયથી બીમાર હતા, તેમનો અંતિમ સંસ્કાર નહિ કરવામાં આવે કરણ કે તેમના પરિવારજનોએ તેના દેહદાનનો સંકલ્પ કરેલ છે.

૩) તારક મહેતા દ્વારા 80 થી વધારે બુક્સ લખવામાં આવી છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) માર્ચ1971 માં તેમની પ્રથમ કોલમ ચન્દ્રલેખામાં છાપવામાં આવી હતી.

૫) તેમની નોવેલ 'દુનિયાને ઉંધા ચશ્માં'સૌથી વધારે ખ્યાતનામ બનેલ.

૬) 26 જાન્યુઆરી 2015 ના રોજ તારક મહેતાને પદ્મશ્રી એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા.

૭) તારક મહેતા છેલ્લા 16 વર્ષથી અમદાવાદમાં રહેતા હતા. તેઓ ગુજરાતના સ્થાનિક અખબારોમાં લખતા હતા.

## સમીક્ષા 215 (1)તારીખ 3/3/17

**વિશ્વ વ્યાપાર સંગઠનમાં જે.એસ. દીપક ભારતના આગળના રાજદૂત તરીકે નિયુક્ત કરાયા...**

૧) દુરસંચાર સચિવ જે.એસ.દીપકને આ વર્ષે જુનથી ભારતના આગળના રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) ઉત્તરપ્રદેશ કૈડરના 1982 ની બેન્ચના આઈ.એ.એસ. અધિકારી દીપકને તાત્કાલિક અસરથી દુર સંચાર વિભાગથી હટાવવામાં આવેલ છે.

૩) તેઓને વાણીજ્ય વિભાગમાં વિશેષ કાર્યાધિકારી બનાવવામાં આવ્યા છે.

૪) હાલ તેઓ બાર્સિલોનામાં આયોજિત થઇ રહેલા વર્લ્ડ મોબાઈલ કોંગ્રેસમાં છે.

૫) જયારે તેઓ પૂર્વ વાણીજ્ય મંત્રાલયમાં હતા ત્યારે ડબલ્યુ.ટી.ઓ. અને 16 દેશો થી જોડાયેલા મુક્ત વ્યાપાર સમજુતીમાં ભારતના મુખ્ય સમજુતીકાર રહ્યા હતા.

૬) આધિકારીક આદેશ અનુસાર તેમનું પ્રમોશન કરીને નિર્દેશક માંથી સચિવ બનાવવામાં આવ્યા છે.

૭) અને હવેથી તેઓ વાણિજિયક વિભાગમાં ઓ.એસ.ડી. તરીકેની ફરજ નિભાવશે.

## સમીક્ષા 216 (1) તારીખ 4/3/2017

**નંદકુમાર સાય રાષ્ટ્રીય અનુસુચિત જનજાતિ આયોગના અધ્યક્ષ બન્યા...**



www.edusafar.com

# GK Samixa 1 થી 31 march 2017,સામાન્યજ્ઞાન

૧)1 માર્ચ 2017 ના રોજ નંદકુમાર સાય રાષ્ટ્રીય અનુસુચિત જનજાતિ આયોગના અધ્યક્ષ બન્યા છે.

૨) છત્તીસગઢના વરિષ્ઠ આદિવાસી નેતા અને પૂર્વ સંસદ નંદકુમાર સાયે દિલ્હીમાં રાષ્ટ્રીય અનુસુચિત જનજાતિ આયોગનું પદ સંભાળેલ છે.

3) તેમણે રામેશ્વર ઓરાંવનું સ્થાન લીધેલ છે, તેમનો કાર્યકાળ 31 ઓક્ટોબર 2016 ના રોજ પૂર્ણ થયો હતો.

૪) અનુસુચિત જનજાતિ આયોગના અધ્યક્ષનો કાર્યકાળ ત્રણ વર્ષ માટેનો હોય છે.

૫) હાલમાં નંદકુમાર સાય છત્તીસગઢ રાજ્યમાં રાજ્યસભાના સંસદ સભ્ય છે.

૬) વર્ષ 2002 થી 2003 સુધી તેઓ છત્તીસગઢ વિધાનસભામાં વિપક્ષના નેતા હતા.

૭) તેઓના જણાવ્યા અનુસાર દેશના સામાન્ય લોકોના હિત માટે આ આયોગ બની શકે તેટલા પ્રયાસ કરવા માટે મથશે.

**સમીક્ષા 217 (1) તારીખ 5/3/17**

**3 માર્ચના રોજ વિશ્વ વન્યજીવ દિવસ મનાવવામાં આવ્યો...**

૧) આ વર્ષે મનાવવામાં આવેલ વન્યજીવ દિવસનો વિષય રાખવામાં આવ્યો હતો, 'યુવાઓનો આવાજ સાંભળો.'

૨) આ દિવસનું આયોજન વૈશ્વિક સ્તર પર વન્યજીવ સંરક્ષણ અને જાગરૂકતા માટે કરવામાં આવે છે.

3) સયુંકત રાષ્ટ્રની મહાસભાએ 68 માં અધિવેશનમાં 20 ડીસેમ્બર 2013 ના રોજ આ નિર્ણય લીધો હતો કે દર વર્ષે 3 જાન્યુઆરી વિશ્વ વન્યજીવ દિવસ તરીકે મનાવવામાં આવે.

૪) વન્યજીવોને લુપ્ત થતા બચાવવા માટે સર્વપ્રથમવાર 1872 માં વાઈલ્ડ એલીફન્ટ પ્રિઝર્વેશન એક્ટ પારિત કરવામાં આવ્યો હતો.

૫) ભારતમાં વન અને વન્યજીવને બંધારણની સમવર્તી સૂચિમાં મુંકવામાં આવ્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૬) ભારતમાં રાષ્ટ્રીય વન્યજીવ યોજના વર્ષ 1983 માં પ્રારંભ કરવામાં આવી હતી.

૭) ભારતમાં ભારતીય વન્યજીવ સંસ્થા (ડબલ્યુ.આઈ.આઈ.) ની સ્થાપના વર્ષ 1982 માં કરવામાં આવી છે.

## સમીક્ષા 218 (1) તા 6/3/17

**દેશના રાષ્ટ્રપતિ દ્વારા નવાચાર ઉત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું...**

૧) 4 માર્ચ 2017 ના રોજ દેશના રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રપતિ ભવનમાં એક અઠવાડિયા માટેનો કાર્યક્રમ નવાચાર ઉત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવેલ છે.

૨) આ પ્રસંગે રાષ્ટ્રપતિશ્રી સ્થાનિક નાવાચારોને અને ઉત્કૃષ્ઠ જ્ઞાન પ્રદાન કરનાર નાવાચારને 9 મો દ્વિવાર્ષિક પુરસ્કાર પણ આપશે.

૩) આ નિવાસી કાર્યક્રમ હોવાથી કલાકારો અને નવાચારમાં ભાગ લઈ રહેલા તમામ રાષ્ટ્રપતિ ભવનમાં રોકાશે.

૪) આ ઉત્સવનું આયોજન રાષ્ટ્રપતિ ભવન દ્વારા રાષ્ટ્રીય નવાચાર ફાઉન્ડેશન ઈન્ડીયાના સહયોગથી કરવામાં આવેલ.

૫) આ ઉત્સવમાં પ્રદર્શન ગોઠવાશે, તથા નવા ઈનોવેશનને કેમ લાગુ કરવા તે માટે ચર્ચા યોજાશે.

૬) ઉત્સવમાં ગાંધીવાદી યુવા પ્રદ્યોગીકી નવાચાર માટે પુરસ્કાર અને શ્રેષ્ઠ વિદ્યાલય માટે કેન્દ્રીય વિશ્વવિદ્યાલયોને વીઝીટર્સ એવોર્ડ આપવામાં આવશે.

૭) નવાચાર પ્રદર્શન સામાન્ય લોકો માટે 10 માર્ચ સવારના 10 થી સાંજના પાંચ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

## સમીક્ષા 219 (1) તા 7/3/2017

**મહારાષ્ટ્રના સુનીત જાધવે લગાતાર બીજા વર્ષે મિસ્ટર ઈન્ડિયાનો ખિતાબ જીતેલ છે...**

૧) 4 માર્ચ 2017 ના રોજ બીજા વર્ષે મિસ્ટર ઈન્ડિયાનો ખિતાબ સુનીત જાધવે મેળવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) ભારતીય બોડી બિલ્ડીંગ ફેડરેશનની તરફથી10 મી મિસ્ટર ઈન્ડિયા 2017 ની ઈવેન્ટ આયોજિત કરવામાં આવી હતી.

૩) વર્ષ 2016 માં પણ સુનીત જાધવે આ પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો.

૪) આ સ્પર્ધામાં ફ્સ્ટ રનર્સ અપ 85 કિલોગ્રામ વર્ગમાં રેલવેના રામનિવાસ રહ્યા હતા.

૫) સાથે–સાથે પાંચમી મહિલા બોડી બિલ્ડીંગ ચૈમ્પિયન્સશીપનો ખિતાબ મણીપુરના થીગબૈજમના નામે રહ્યો હતો.

૬) આ સ્પર્ધામાં પ્રથમ પુરસ્કારને પાંચ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા.

૭) બીજા અને ત્રીજા આવનારને ત્રણ લાખ અને એક લાખની રકમ આપવામાં આવી હતી.

## સમીક્ષા 220 (1) તારીખ 8/3/2017

**ભારતના સૌથી જુના વિમાનવાહક યુદ્ધ જહાજ આઈ.એન.એસ.વિરાટને સેવા નિવૃત કરવામાં આવ્યું...**

૧) 6 માર્ચ 2017 ના રોજ ભારતના સૌથી જુના વિમાનવાહક યુદ્ધ જહાજ આઈ.એન.એસ.વિરાટને સેવા નિવૃત કરવામાં આવેલ છે.

૨) મુંબઈ ખાતે એક સમારોહ યોજીને આ જહાજને સેવા નિવૃત કરવામાં આવ્યું હતું.

૩) વિશ્વના સૌથી જુના અને સૌથી વધુ સમય સેવા આપનાર યુદ્ધ જહાજ તરીકે આઈ.એન.એસ.વિરાટને ગીનીસ બુકમાં સ્થાન આપવામાં આવેલ છે.

૪) આ જહાજને એડમિરલ સુનીલ લાંબાની હાજરીમાં સેવા નિવૃત કરવામાં આવેલ છે.

૫) આઈ.એન.એસ. વિરાટ યુ.કે. નેવીમાં પણ પોતાની સેવા આપી ચુક્યું છે.

૬) યુ.કે. બાદ આઈ.એન.એસ. વિરાટને ભારતમાં શિફ્ટ કરવામાં આવ્યું હતું.

૭) આઈ.એન.એસ. વિરાટનો સિંદ્ધાંત 'બલમેવ યસ્ય બલમેવ તસ્ય' છે. જેનો અર્થ (જેનું સમુદ્ર પર નિયંત્રણ છે, તે સર્વ શક્તિશાળી છે.) તેવો થાય છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૮) આમ ભારતીય ઘરોહરનું આઈ.એન.એસ. વિરાટ પુરા માન સન્માન સાથે વિદાય થયેલ.

**સમીક્ષા 221 (1) તા 9/3/2017**

**આંતરરાષ્ટ્રીય યોગ ફેસ્ટીવલ નવી દિલ્હીમાં આયોજિત થયો...**

૧) 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય યોગ ફેસ્ટીવલ બે દિવસ માટે દિલ્હીમાં શરુ થયેલ છે.

૨) આ ફેસ્ટીવલમાં 3500 જેટલા લોકો ભાગ લેશે.અને 15 થી 18 દેશોના પ્રતિનિધિઓ પણ ભાગ લેશે.

૩) આ કાર્યક્રમનું ઉદ્દઘાટન કેન્દ્રના સૂચના આયોગ અને પ્રસારણ મંત્રી વૈંક્યા નાયડુ દ્વારા કરવામાં આવેલ.

૪) આ કાર્યક્રમનું આયોજન મોરારજી દેસાઈ રાષ્ટ્રીય યોગ સંસ્થાન દ્વારા વિભિન્ન સંસ્થાઓ સાથે મળીને થઇ રહ્યું છે.

૫) આ કાર્યક્રમમાં સમાંતર યોગ કાર્યશાળાઓ અને વ્યાખ્યાન તેમજ સત્સંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવશે.

૬) આ કાર્યક્રમમાં અન્ય સ્ટોલ અને પ્રદર્શન વિભાગ પણ રાખવા આવશે.

૭) આ ઉપરાંત યોગ ગુરુ સ્વામી વેદ ભારતી, યોગ ગુરુ ટી.કે.વી.દેસીકાચર દ્વારા યોગના ફેલાવા માટે પ્રવચન પણ રાખવામાં આવશે.

**સમીક્ષા 222 (1) તારીખ 10/3/2017**

**ભારતમાં 58 ટકા બાળકો એનીમિયાથી પીડિત...**

૧) 6 માર્ચ 2017 ના રોજ એક સર્વેમાં જાહેર કરવામાં આવેલ છે કે ભારતમાં 58 ટકા બાળકો એનીમિયાથી પીડિત છે.

૨) આ સર્વેક્ષણ રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

૩) આ સમગ્ર સર્વેક્ષણ વર્ષ 2015-16 ના આંકડાઓ પર આધારિત છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) એનીમિયાથી પીડિત બાળકો સામાન્ય બાળકોની તુલનાએ હિમોગ્લોબીન ઓછુ ધરાવતા હોય છે, અને જલ્દી બીમારીનો ભોગ બને છે.

૫) આ સર્વેક્ષણમાં 38 ટકા બાળકો નાના કદના તથા વધારે વજન વાળા હોવાનું માલુમ પડેલ છે.

૬) ભારતમાં અસમ,ઝારખંડ, બિહાર, રાજસ્થાના જેવા રાજ્યોમાં એનીમિયાથી પીડિત બાળકોનું પ્રમાણ વધારે છે.

૭) એનીમિયા ગ્રસ્ત માત્ર બાળકો જ નહિ, વયસ્કો પણ જોવા મળે છે.

## સમીક્ષા 223(૧) તા 11/3/2017

**માતૃત્વ લાભ સંશોધન વિધેયક–2016 લોકસભામાં પારિત...**

૧) 9 માર્ચ 2017 ના રોજ માતૃત્વ લાભ સંશોધન વિધેયક–2016 સંસદમાં પારિત કરવામાં આવેલ છે.

૨) આ વિધેયકને 11 ઓગસ્ટ 2016 ના રોજ રાજ્યસભા દ્વારા પારિત કરવામાં આવ્યું હતું.

૩) આ વિધેયકમાં સંગઠિત ક્ષેત્રમાં કામ કરનાર માતાઓ વેતન સહીત માતૃત્વ રજાઓ 12 અઠવાડિયાથી વધારીને 26 અઠવાડિયા કરવાનો પ્રસ્તાવ કરવામાં આવેલ છે.

૪) માતાઓને આ લાભ બે જીવિત બાળકો સુધી જ પ્રાપ્ત થશે,ત્યારબાદ આ સુવિધા 12 અઠવાડિયાની લાગુ રહેશે.

૫) સાથે પ્રસુતિ સુવિધા અધિકૃત માતા અથવા દતક માતા માટે પણ પ્રદાન કરવામાં આવશે.આ માતાઓને બાળક હસ્તગત કરવાથી 12 અઠવાડિયાનો લાભ મેળવવા પાત્ર થશે.

૬) જે સંસ્થા 50 થી વધારેર કર્મચારીઓ કામે રાખતી હોય ત્યા ઘોડિયા ઘરની વ્યવસ્થા પણ કરવાનું સૂચવવામાં આવેલ છે.

૭) આવી સંસ્થાઓમાં માતાઓ પોતાના બાળકને ત્યા લાવે છે, તો તે માતા ચાર વાર ઘોડિયા ઘરમાં પ્રતિ દિન જઈ શકશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# GK Samixa 1 થી 31 march 2017,સામાન્યજ્ઞાન

## સમીક્ષા 224 (1) તા 12/3/2017

**દિલ્હીમાં કચરામાંથી વીજળી પેદા કરનાર દેશના સૌપ્રથમ એકમની શરૂઆત કરવામાં આવી...**

૧) 10 માર્ચ 2017 ના રોજ કેન્દ્રીય મંત્રી વૈંક્યા નાયડુ દ્વારા કચરામાંથી વીજળી ઉત્પાદન કરનાર એકમની શરૂઆત કરવામાં આવેલ છે.

૨) મંત્રી દ્વારા જણાવવામાં આવેલ છે કે વેસ્ટેજ વસ્તુઓના પુરા ઉપયોગ વગર સ્વચ્છ ભારત મિશન સાકાર ન થઇ શકે.

૩) દિલ્હીના નરેલા-બવાન વિસ્તારમાં 24 મેગાવોટની ઉત્પાદન ક્ષમતા વાળા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવેલ છે.

૪) આ એકમમાં રોજ 1300 મેટ્રિક ટન કચરાનો વપરાશ થશે, સાથે સાથે ઉર્જાનું પણ ઉત્પાદન થશે.

૫) આ પ્લાન્ટ બનાવવાનો ખર્ચ આશરે 650 કરોડ રૂપિયાનો થયેલ છે.

૬) આ એકમ 100 એકર જમીનમાં પથરાયેલ છે,તેનાથી પ્રતિદિન 24 મેગાવોટ વીજળી પેદા કરવામાં આવશે.

૭) અહી રોજ 2000 મેટ્રિક ટન ઘન કચરાનો ઉપયોગ કરવામાં આવશે.

## સમીક્ષા 225 (1) તા 13/3/2017

**ભારતે બ્રહ્મોસ સુપર સોનિક ક્રુઝ મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું...**

૧) 11 માર્ચ 2017 ના રોજ પહેલા કરતા પણ વધારે મારકક્ષમતા ધરાવતી બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ છોડીને પ્રક્ષેપણ કરેલ છે.

૨) આ મિસાઈલને ઓડિસાના કિનારેથી ચાંદીપુર સેન્ટર પરથી છોડવામાં આવેલ.

૩) મિસાઈલ પ્રદ્યોગીકી નિયંત્રણ વ્યવસ્થામાં ભારતના પ્રવેશ બાદ પહેલા કરતા પણ વધારે ક્ષમતા વાળી મિસાઈલો તૈયાર કરવામાં આવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) નવી બ્રહ્મોસ મિસાઈલને બસ્સો નેવું કિલોમીટરની જગ્યાએ સાડા ચારસો કિલોમીટર સુધી જઈ શકે છે.

૫) આ પરીક્ષણનો ઉદેશ્ય માત્ર શસ્ત્ર પ્રણાલીને બહેતર બનાવવા માટેનો છે.

૬) આ સિસ્ટમમાં અત્યાધુનિક સોફ્ટવેર સામેલ કરવામાં આવેલ છે.'

૭) બ્રહ્મોસ મિસાઈલને જમીન, હવાઈ, સાગર અને સમુદ્ર નીચેના ભાગોથી છોડી શકાય છે.

## સમીક્ષા 226 (1) તા 14/3/2017

**ગોવાના રાજ્યપાલ મૃદુલા સિંહાએ મનોહર પરિકરને મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા...**

૧) 12 માર્ચ 2017 ના રોજ બદલાતા ઘટનાક્રમ પ્રમાણે ગોવાના રાજ્યપાલ મૃદુલા સિંહાએ મનોહર પરિકરને મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા છે.

૨) સાથે સાથે રાજ્યપાળે પરિકરને શપથ ગ્રહણ પછીના 15 દિવસમાં વિધાનસભામાં બહુમત સાબિત કરવો પડશે, તેવી ટકોર કરેલ.

૩) 14 માર્ચના રોજ પરિકર ગોવાના મુખ્યમંત્રી પદના શપથ લેશે.

૪) 11 માર્ચના રોજ આવેલ ચૂંટણીના પરિણામમાં ગોવામાં યોજાયેલ ચૂંટણીમાં ભાજપને 13 સીટો મળી છે.

૫) જયારે કોંગ્રેસને ગોવામાં17 સીટો પ્રાપ્ત થયેલ છે.જો કે આગળની સ્થિતિ ભાજપની મજબુત છે.

૬) આ પ્રક્રિયા બાદ રક્ષા મંત્રી મનોહર પરિકર અને તેના જુથે રાજ્યપાલ મુર્દુલા સિંહાને મળીને નવી સરકાર રચવાનો દાવો કર્યો હતો.

૭) હવે પરિકરના મુખ્યમંત્રી પદ સ્વીકારવાથી દેશના સંરક્ષણ મંત્રી પદ ખાલી પડશે,ત્યા અન્ય મંત્રીની પસંદગી થશે.

## સમીક્ષા 227 (1) તા 15/3/2017

**નરેન્દ્ર કુમાર કેન્દ્રીય જળ આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત...**

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

## GK Samixa 1 થી 31 march 2017,સામાન્યજ્ઞાન

૧) 10 માર્ચ 2017 ના રોજ નરેન્દ્ર કુમાર કેન્દ્રીય જળ આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા છે.

૨) નરેન્દ્ર કુમાર કેન્દ્રીય જળ અભિયાન્ત્રિકી સેવા વર્ષ1979 બેંચના અધિકારી છે.

૩) નરેન્દ્ર કુમારને ઓક્ટોબર 2014 માં કેન્દ્રીય જળ આયોગના સદસ્ય બનાવવામાં આવ્યા હતા.

૪) નરેન્દ્ર કુમાર વર્ષ 2009 થી 2011 સુધી શ્રીકુમાર બ્રહ્મપુત્ર અને બરાક ઘાટી શિલોંગના મુખ્ય સદસ્યના પદ પર રહેલા.

૫) નરેન્દ્ર કુમાર વર્ષ 2011 થી 2014 સુધી જળ સંસાધન મંત્રાલયના આયુક્ત પદ પર રહ્યા છે.

૬) કેન્દ્રીય જળ આયુક્ત જળ સંસાધન ક્ષેત્રમાં ભારતની એક મહત્વપૂર્ણ સંસ્થા છે.

૭) આ સંસ્થા વર્ષ 1945 થી ભારતમાં કાર્યરત છે, હાલમાં આ જળ સંસાધન,નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રાલયના સંલગ્ન કાર્ય કરે છે.

**સમીક્ષા 228 (1) તા 16/3/2017**

**બીરેન સિંહે મણીપુર રાજ્યના મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કર્યા...**

૧) મણીપુરના રાજ્યપાલ નજમા હેપતુલ્લાએ એન. બીરેન સિંહને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા છે.

૨) આ શપથ સમારોહ 15 માર્ચ 2017 ના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો.

૩) મણીપુર રાજ્યમાં પ્રથમવાર બી.જે.પી.ની ગઠબંધન વાળી સરકાર બનેલ છે.

૪) એન.પી.પી.ના નેતા યુમનામ જયકુમારસિંહ ઉપમુખ્યમંત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

૫) 13 માર્ચના રોજ બીરેન સિંહને બી.જે.પી.ના વિધાયક દળના નેતા પસંદ કરાયા હતા.

૬) નાગા પીપલ્સ પાર્ટીના ચાર સદસ્યોએ ભાજપને પોતાનું સમર્થન આપેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૭) ગોવા બાદ મણીપુર બીજું એવું રાજ્ય બનેલ છે કે જ્યાં ભાજપ સૌથી મોટું જૂથ ગહોવા છતાં ત્યાં ગઠબંધનની સરકાર રચવામાં આવી હોય.

## સમીક્ષા 229 (1) તા 17/3/2017

**કેન્દ્રીય કેબીનેટ દ્વારા 50 કેન્દ્રીય વિદ્યાલયોને સ્થાપવાની મંજુરી આપવામાં આવી..**

૧) 15 માર્ચ 2017 ના રોજ કેન્દ્રીય મંત્રી મંડળની બેઠકમાં 50 કેન્દ્રીય વિદ્યાલયો સ્થાપવાની મંજુરી આપવામાં આવેલ છે.

૨) આ વિદ્યાલયોની સ્થાપનાથી પચાસ હજાર વિદ્યાર્થીઓને સારું શિક્ષણ પૂરું પાડી શકાશે.

૩) આ 50 વિદ્યાલયો સ્થાપવા માટે સરકારને1160 કરોડ રૂપિયાનું ખર્ચ થશે.

૪) આ વિદ્યાલયો જે સ્થાપશે, તેમાં શિક્ષણનું સ્તર ધોરણ1 થી 5 નું રહેશે.

૫) દેશભરના કેન્દ્રીય વિદ્યાલયોમાં હાલ12 લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

૬) નવા સ્થાપનાર વિદ્યાલયો પ્રથમ તબક્કામાં 1 થી 5 ધોરણ પ્રારંભિક તબક્કામાં જયારે ત્યારબાદ દર વર્ષે બે –બે ધોરણનું સ્તર ઊંચું લઇ જવાશે, આ ક્રમ12 ધોરણ સુધી ચાલશે.

૭) કેન્દ્રીય વિદ્યાલયો સ્થાપવાનો ઉદેશ્ય દેશમાં સૈક્ષણિક માળખું એક સમાન બની રહે તેવો રાખવામાં આવેલ છે.

## સમીક્ષા 230 (1) તા 18/3/2017

**બીભુ પ્રસાદ કાનુનગો રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાના ડેપ્યુટી ગર્વનર તરીકે નિયુક્તિ પામ્યા ...**

૧) 14 માર્ચ 2017 ના રોજ બીભુ પ્રસાદ કાનુનગો રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાના ડેપ્યુટી ગર્વનર તરીકે નિયુક્તિ પામ્યા છે.

૨) તેઓ આગામી એપ્રિલ માસથી પોતાનો કાર્યભાર સંભાળશે.

૩) કાનુનગો ઓરિસ્સાના બીજા વ્યક્તિ છે જેને આર.બી.આઈ.ના ડેપ્યુટી ગર્વનર બનાવવામાં આવ્યા હોય.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) આ પહેલા ઓરિસ્સાના હારુન રશીદ ખાનને આ પદ પર આસીન કરવામાં આવ્યા હતા.

૫) હારુન રશીદ ખાનનો કાર્યકાળ વર્ષ 2016 માં પૂર્ણ થયો હતો.ત્યારે કાનુનગો આર.બી.આઈ.ના કાર્યકારી નિર્દેશક પદ પર હતા.

૬) કાનુનગોએ મધ્યપ્રદેશ અને છત્તીસગઢ માટે બેન્કિંગ મધ્યસ્થના રૂપમાં પણ કામ કરેલ છે.

૭) કાનુનગો ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ બેન્કર્સના પ્રમાણિત એસોસિએટ છે.

## સમીક્ષા 231 (1) તા 19/3/2017

### ત્રિવેન્દ્રસિંહ રાવતે ઉતરાખંડમાં મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કર્યા...

૧) 18 માર્ચ 2017 ના રોજ ત્રિવેન્દ્રસિંહ રાવતે ઉતરાખંડના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા છે.

૨) તેઓ ઉતરાખંડ રાજ્યના નવમાં મુખ્યમંત્રી બનેલા છે.

૩) ત્રિવેન્દ્રસિંહ રાવત સાથે અન્ય નવ મંત્રીઓએ પણ શપથ ગ્રહણ કરેલ છે.

૪) ત્રિવેન્દ્રસિંહ રાવતે દહેરાદૂનના ડોઈવાલા વિધાનસભા સીટ પરથી કોંગ્રેસના સીનીયર લીડર હીરાસિંહ બિષ્ટને 24 હજારથી વધારે મતે હરાવેલ.

૫) ત્રિવેન્દ્રસિંહ રાવત પૂર્વમાં ઉતરાખંડમાં ભાજપના સાશન કાળ વખતે કૃષિમંત્રી રહી ચુક્યા છે.

૬) ત્રિવેન્દ્રસિંહ રાવત આ રાજ્યમાં ભાજપ તરફથી પાંચમાં મુખ્યમંત્રી બનવા પામ્યા છે.

૭) ભાજપ દ્વારા ઉતરાખંડમાં પોતાની સરકાર પ્રથમવાર વર્ષ 2000 માં બનાવવામાં આવી હતી, ત્યારે પ્રથમ મુખ્યમંત્રી તરીકે નિત્યાનંદ સ્વામી બિરાજ્યા હતા.

## સમીક્ષા 232 (1) તા 20/3/2017

### જ્વાલા ગટ્ટા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સદસ્ય તરીકે નિયુક્ત થયા...

૧) ભારતના ડબલ્સ વિશેષજ્ઞ બેડમિન્ટન ખેલાડી જ્વાલા ગટ્ટાને માર્ચ 2017 ના બીજા સપ્તાહમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સદસ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) જવાલાની પ્રથમ બેઠક 28 માર્ચ 2017 ના રોજ નવી દિલ્હી ખાતે જવાહરલાલ નહેરુ સ્ટેડીયમમાં આયોજિત થશે.

૩) જવાલા ગટ્ટાનો જન્મ મહારાષ્ટ્રના વર્ધામાં 7 સપ્ટેમ્બર 1983 ના રોજ થયેલ છે.

૪) તેઓએ પ્રાથમિક શિક્ષણ હૈદરાબાદ ખાતે લીધેલ છે.

૫) વર્ષ 2011 માં તેઓને અર્જુન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૬) તેઓ વર્ષ 2014 માં ગ્લાસગો રમતોમાં મહિલા ડબલ્સમાં રજત પદક જીતી ચુક્યા છે.

૭) તેઓ 14 વાર રાષ્ટ્રીય ચેમ્પિયન પણ રહી ચુક્યા છે.

## સમીક્ષા 233 (1) તા 21/3/2017

**20 માર્ચ ના રોજ વિશ્વ ચકલી દિવસ આંતરરાષ્ટ્રીય સ્તર પર મનાવવામાં આવ્યો...**

૧) શહેરના વાતાવરણથી ઘેરેલું પક્ષી અને અન્ય પક્ષીઓને ખતરાથી બચાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.

૨) ચકલી વિશ્વમાં સૌથી વધારે દેખાતું પક્ષી છે, અને તેને માનવ જાતિનું સૌથી વધુ જુનું સાથીદાર પણ માનવામાં આવે છે.

૩) આ વિશ્વ ચકલી દિન લગભગ 50 દેશોમાં મનાવવામાં આવે છે.

૪) આ દિવસ નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા અને ઈકોસીસ એક્શન ફાઉન્ડેશન (ફ્રાંસ) દ્વારા આરંભ કરવામાં આવેલ.

૫) વિશ્વમાં પ્રથમ વિશ્વ ચકલી દિવસ વર્ષ 2010 ના મનાવવામાં આવેલ.

૬) વિશ્વ ચકલી દિન નિમિતે પક્ષીઓને બચાવવા માટેના ઉપાયો શોધવા અને તેનું અમલીકરણ થાય તેવા પ્રયાસો કરવામાં જરૂરી છે.

૭) આ દિવસે પ્રતિજ્ઞા લેવી જોઈએ કે ચકલી તથા અન્ય જીવોને બચાવવા તથા તેના પ્રત્યે સજાગ રહેવા અમે પર્યાવરણને વધારે સારું બનાવવા પ્રયાસ કરીશું.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્પ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

## સમીક્ષા 234 (1) તા 22/3/2017

**21 માર્ચને વિશ્વ કવિતા દિવસ મનાવવામાં આવ્યો...**

૧) વૈશ્વિકી સંસ્થા યુનેસ્કો દ્વારા 21 માર્ચને વિશ્વ કવિતા દિવસના રૂપમાં ઉજવવાની જાહેરાત કરવામાં આવેલ.

૨) 21 માર્ચને કવિતાઓના સર્જન અને કવિઓને સન્માન આપવા માટે ઉજવવામાં આવે છે.

૩) વિશ્વ કવિતા દિવસના અવસરે ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય તથા સાહિત્ય અકાદમી દ્વારા સબદ–વિશ્વ કવિતા ઉત્સવનું આયોજન કરવામાં આવે છે.

૪) યુનેસ્કો દ્વારા 21 માર્ચને વિશ્વ કવિતા દિવસના રૂપમાં મનાવવાની જાહેરાત વર્ષ 1999 માં કરવામાં આવી હતી.

૫) વિશ્વ કવિતા દિવસ મનાવવાનો ઉદ્દેશ્ય કવિતાઓના વાંચન અને લેખનને ઉતેજના આપવાનો રાખવામાં આવ્યો છે.

૬) કવિતાઓ જે તે દેશની સાંસ્કૃતિક ધરોહરને મૂળ રૂપથી જાળવવામાં મદદ કરે છે.

૭) આ દિવસે વિશ્વના ઘણા સ્થળોએ વિવિધ પ્રકારના કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે.

## સમીક્ષા 235 (1) તારીખ 23/3/2017

**રાષ્ટ્રપતિ દ્વારા વીરતા પુરસ્કારો પ્રદાન કરવામાં આવ્યા...**

૧) 20 માર્ચ 2017 ના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક કાર્યક્રમમાં વીરતા પુરસ્કારો પ્રદાન કરવામાં આવ્યા.

૨) આ પ્રતિષ્ઠિત સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ, મોહમ્મદ હામીદ અન્સારી, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રક્ષા મંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

૩) રાષ્ટ્રપતિ દ્વારા એક કીર્તિચક્ર 12 શોર્ય ચક્રોથી ભારતીય સેનાના જવાનોને સન્માનિત કરાયેલ છે.

૪) રાષ્ટ્રપતિ દ્વારા છ શોર્ય ચક્ર મરણોપરાંત આપવામાં આવ્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) અન્ય પુરસ્કારોમાં 15 વિશિષ્ઠ સેવા પદક, ત્રણ ઉત્કૃષ્ઠ સૈનિક પદક અને 22 અતિ વિશિષ્ઠ સેવા પદક પ્રદાન કરવામાં આવ્યા છે.

૬) કીર્તિચક્ર મેજર રોહિત સુરીને આપવામાં આવેલ છે.

૭) કર્નલ ગુરસેવક સિંહ,ભારતીય વાયુસેના (સુરક્ષા) ક્ષેત્રમાં હતા, તેઓને મરણોપરાંત શૌર્યચક્રથી સન્માનિત કરવામાં આવ્યા છે.

## સમીક્ષા 236 (1) તા 24/3/2017

**સમગ્ર વિશ્વમાં 'વિશ્વ મૌસમ વિજ્ઞાન' દિવસ  મનાવવામાં આવ્યો...**

૧) 23 માર્ચ 2017 ના રોજ સમગ્ર વિશ્વમાં મૌસમ વિજ્ઞાન દિવસ મનાવવામાં આવ્યો.

૨) આ વર્ષના વિશ્વ મૌસમ વિજ્ઞાનદિવસનો વિષય રાખવામાં આવ્યો હતો, 'વાદળોને સમજવા'.

૩) વિશ્વ મૌસમ વિજ્ઞાન દિવસના અવસર પર પ્રત્યેક વર્ષ મૌસમ વિજ્ઞાન શોધ માટેના પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે.

૪) વર્ષ 1950 માં વિશ્વ મૌસમ વિજ્ઞાન સંગઠન સંમેલનની રચનાને અનુલક્ષીને 23 માર્ચને વિશ્વ મૌસમ વિજ્ઞાન દિવસ મનાવવામાં આવે છે.

૫) હાલ આંતરરાષ્ટ્રીય મૌસમ વિજ્ઞાનના સભ્ય દેશોની સંખ્યા 189 જેટલી છે.

૬) વર્ષ 2016 માં વિશ્વ મૌસમ વિજ્ઞાન દિવસનો વિષય રાખવામાં આવ્યો હતો,ગરમ, સુકો, ભીનો ભવિષ્યનો ચહેરો.

૭) આ સંગઠનની સ્થાપનાનો મુખ્ય ઉદેશ્ય માનવીના દુખદર્દને ઓછા કરવા માટેનો રાખવામાં આવ્યો છે.

## સમીક્ષા 237 (1) તા 25/3/2017

**ઈસરોએ વિશ્વની ત્રીજી સૌથી મોટી હાઈપર સોનિક પવન સુરંગનો શુભારંભ કર્યો...**

www.edusafar.com

## GK Samixa 1 થી 31 march 2017,સામાન્યજ્ઞાન

૧) ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઈસરોએ તિરુવનંતપુરમમાં વિક્રમ સારાભાઇ અંતરીક્ષ કેન્દ્રમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી હાઈપર સોનિક પવન સુરંગનો શુભારંભ કરેલ છે.

૨) ઈસરોનું પુરુનામ ઈન્ડીયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન થાય છે.

૩) વિક્રમ સારાભાઇ અંતરીક્ષ કેન્દ્ર (વી.એસ.એસ.સી.નામે પણ ઓળખવામાં આવે છે.)

૪) હાલ ઈસરોના ચેરમેન તરીકે એ.એસ.કિરણકુમાર સેવા આપી રહ્યા છે.

૫) ઇસરોનું મુખ્યમથક કર્ણાટકના બેંગ્લોરમાં આવેલ છે.

૬) ઇસરોની સ્થાપના1969 માં કરવામાં આવી હતી.(જે સફળ રહી છે.)

૭) આ સ્થાપના કરવામાં ગુજરાતી વિજ્ઞાનિક વિક્રમ સારાભાઇ દ્વારા કરવામાં આવેલ છે.

**સમીક્ષા 238 (1) તા 26/3/2017**

**પ્રખ્યાત તમિલ લેખક અશોક મિત્રનનું અવસાન થયું...**

૧) 24 માર્ચ 2017 ના રોજ પ્રખ્યાત તમિલ લેખક અશોક મિત્રનનું અવસાન થયેલ છે.

૨) અશોક મિત્રનને લઘુકથાઓ માટે વર્ષ 1996 માં સાહિત્ય અકાદમી તરફથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૩) તેમની એનેક કૃતિઓને અંગ્રેજી સાથે અન્ય યુરોપીય ભાષામાં પણ અનુવાદિત કરવામાં આવી હતી.

૪) અશોક મિત્રનનો જન્મ 1931 માં સિકંદરાબાદમાં થયો હતો.

૫) તેમણે કર્મભુમી તરીકે ચેન્નાઈ પસંદ કર્યું હતું,ત્યારબાદ તેઓ તમિલ સાહિત્યમાં ખ્યાતિપ્રાપ્ત બન્યા.

૬) તેમની કૃતિમાં આજસુધીમાં 200 થી વધારે લઘુકથાઓ, આઠ ઉપન્યાસ અને 15 અન્ય કથાઓ સામેલ છે.

૭) તમિલ સાહિત્ય જગતમાં તેમના નોંધપાત્ર પ્રદાનને લાંબા સમય સુધી યાદ રાખવામાં આવશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

## સમીક્ષા 239 (1) તા 27/3/2017

**સયુંકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે વૈશ્વિક ધરોહરને સાચવવા માટેના પ્રસ્તાવને પારિત કર્યો...**

૧) વૈશ્વિક ધરોહર ગણાતા સ્થળો પર સશસ્ત્ર સંઘર્ષને ધ્યાને રાખીને તેની સુરક્ષા મજબુત કરવાં માટે આ પ્રસ્તાવ પારિત કરવામાં આવેલ.

૨) ગેર કાયદેસર તોડ ફોડ કરનાર અપરાધીઓને યુદ્ધ અપરાધો મામલે તેને દોષિત ઠેરવી શકાશે.

૩) અફઘાનિસ્તાનના બામિયાન બુદ્ધથી લઈને ટિમ્બકટુના પ્રાચીન સ્થળો પર જાણી જોઇને કરવામાં આવેલ હુમલાઓ પણ ધ્યાને લેવાયા છે.

૪) સયુંકત રાષ્ટ્રના સદસ્યોએ વૈશ્વિક સ્થળોની સુરક્ષા માટેની અપીલ કરેલ છે.

૫) હુમલાના પ્રકારમાં તોડફોડ, ચોરી અથવા અન્ય નુકસાન પણ સામેલ કરાશે.

૬) આમાં કહેવામાં આવ્યું છે કે ધર્મ,શિક્ષા, કળા, વિજ્ઞાન અને ધર્માર્થ કર્યો માટે બનેલી ઈમારતો પર થતા હુમલાઓ આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ સજાને પાત્ર બને છે.

૭) આવી ગંભીર ભૂલ યુદ્ધ અપરાધમાં સમાવવામાં આવશે, અને જે અપરાધ કરશે તેને સજા પણ કરાશે.

## સમીક્ષા 240 (1) તારીખ 28/3/2017

**કર્ણાટક બેંક દ્વારા પ્લેટીનમ કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું...**

૧) હાલમાં કર્ણાટક બેંક દ્વારા ગ્રાહકોની સુવિધા વધારવા માટે પ્લેટીનમ કાર્ડ લોન્ચ કરેલ છે.

૨) મનીપ્લાન્ટ રૂપે ઈન્ટરનેશનલ ડેબીટ કાર્ડ સ્વરૂપે લોન્ચ કરવામાં આવેલ છે.

૩) આ કાર્ડ ઘરેલું તથા આંતરરાષ્ટ્રીય રોકડ અને ખરીદી માટે પણ વાપરી શકાશે.

૪) આ કાર્ડ પાસે 5000 રૂ.ની નિકસી સીમા નિર્ધારિત કરવામાં આવી છે.

૫) અને પોઈન્ટ ઓફ સેલ ટર્મિનલ અને ઈ–કોમર્સ સાઈટ પર પ્રતિ દિન 2 લાખ ખરીદીની સીમા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૬) કર્ણાટક બેંકનું મુખ્ય કાર્યાલય મેંગ્લોરમાં આવેલ છે.

૭) ૧૬) કર્ણાટક બેંકનું આદર્શ વાક્ય છે,' આપણી પારિવારિક બેંક સમગ્ર ભારતમાં છે.'

**સમીક્ષા 241 (1) તા 29/3/2017**

**સંસદમાં મેન્ટલ હેલ્થ કેયર બીલ 2016 પારિત કરવામાં આવ્યું...**

૧) 27 માર્ચ 2017 ના રોજ સંસદમાં મેન્ટલ હેલ્થ કેયર બીલ 2016 ધ્વનિ મતથી પારિત કરવામાં આવ્યું છે.

૨) આ બીલ રાજ્યસભામાં 8 ઓગસ્ટ 2016 ના રોજ પારિત થયું હતું.

૩) આ બીલને 120 થી વધારે સંશોધનો સાથે પારિત કરવામાં આવેલ છે.

૪) બીલમાં માનસિક રોગીઓની પરિભાષા તથા તેઓને આજસુધીમાં ઉપલબ્ધ ઉપચારની વ્યવસ્થામાં બદલાવ લાવવાની તૈયારી બતાવવામાં આવી છે.

૫) આ ઉપરાંત આત્મહત્યાના પ્રયાસને અપરાધની હરોળમાંથી હટાવવાની પણ વાત કરાયેલ છે.

૬) મહિલાઓને સામુદાયિક આધાર પર વિશેષ ઉપચારની પણ જોગવાઈ કરવામાં આવેલ છે.

૭) રોગી વ્યક્તિ પોતાની સારવારની રીત પસંદ કરી શકશે, તેની મરજી વિરુદ્ધ ઈલાજ માટે જબરજસ્તી કરવામાં આવશે નહિ.

**સમીક્ષા 242 (1) તા 30/3/2017**

**KVB ને મળ્યો સર્વશ્રેષ્ઠ લઘુ બેંકનો પુરસ્કાર...**

૧) કરુર વૈશ્ય બેંકને હાલમાં 2016 માટેની સર્વશ્રેષ્ઠ લઘુ બેંક તરીકે જાહેર કરવામાં આવેલ.

૨) કે.વી.બી.ના પ્રબંધ નિર્દેશક કે.વેંકટરમનને મુંબઈમાં આયોજિત એક સમારોહમાં નાણાકીય અને યોજના બાબતના મંત્રી મહારાષ્ટ્ર સરકારના સુધીર મૂંગટીવાર પાસેથી આ પુરસ્કાર મળેલ છે.

૩) ચાલુ નાણાકીય વર્ષે કે.વી.બી.દ્વારા આ આઠમો પુરસ્કાર પ્રાપ્ત કરવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) કરુર વૈશ્ય બેંકનું મુખ્ય કાર્યાલય તમિલનાડુમાં આવેલ છે.

૫) આ બેંકની સ્થાપના વર્ષ 1916 માં કરવામાં આવી હતી.

૬) આ બેંકનું આદર્શ વાક્ય રાખવામાં આવ્યું છે કે 'સ્માર્ટ વે ટુ બેંક.'

૭) લઘુ બેંકોના મામલે આ બેંક અન્ય કરતા ખુબ સારી રીતે કાર્યશીલ રહેવા પામી છે.

## સમીક્ષા 243 (1) તા 31/3/2017

**વિશ્વ પર્યાવરણ શિક્ષા કોંગ્રેસ 2017 કેનેડામાં આયોજિત થશે...**

૧) વિશ્વ પર્યાવરણ શિક્ષા કોંગ્રેસ 9 થી 15 સપ્ટેમ્બર 2017 ના રોજ વાન કુંવર કેનેડામાં આયોજિત કરવામાં આવશે.

૨) આ વર્ષની સમિટ ની વિષય રાખવામાં આવશે 'વિવિંગ ન્યુ કનેક્શન'.

૩) આ સંસ્થાની આંતરરાષ્ટ્રીય આયોજન સમિતિ ઈટાલીમાં સ્થિત છે, (કાર્યાલય ત્યાં આવેલ છે.)

૪) આ સંસ્થા પર્યાવરણ અને ટકાઉ વિકાસ માટેના શિક્ષા ક્ષેત્રમાં કાર્ય કરે છે.

૫) આ સંસ્થાનું ટુંકું નામ ડબલ્યુ.ઈ.ઈ.સી.થાય છે, તેનું પુરુનામ વર્લ્ડ એન્વાયરમેન્ટ એજ્યુકેશન કોંગ્રેસ થાય છે.

૬) આ વર્ષે મળનારી સમિટ આજ સુધીની નવમી સમિત હશે.જે કેનેડામાં આયોજિત થશે.

૭) આ સંસ્થા પર્યાવરણ શિક્ષામાં આધિક જાણકારી આપવામાં માટે સતત કાર્યશીલ રહે છે.

**–પરેશ ચાવડા**

www.edusafar.com